પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટીનું ગુજરાત ગૌરવ સ્નેહ સંમેલન યોજાયું

તો ગુજરાતમાં ફરી ભાજપની સરકાર બનશે અને પ્રાંતિજ-તલોદની બેઠક પણ ભાજપ જીતશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી ગુજરાત

ગૌરવ સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ-તલોદ તાલુકાના ભાજપ કાર્યકરો આગેવાનો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તો આ પ્રસંગે કેન્દ્રીયમંત્રી મહેન્દ્ર સિંહ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ-તલોદ ભારતીય જનતા પાર્ટીનું સ્નેહ મિલન સંમેલન કાર્યક્રમ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કમાલપુર ખાતે આવેલ માર્કેટયાર્ડ ખાતે યોજાયો હતો. જેમાં ઉપસ્થિત ભાજપના કાર્યકરો આગેવાનો પદાધિકારીઓએ એક બીજાને નવા વર્ષની શુભેચ્છાઓ સાથે શુભકામનાઓ પાઠવી હતી. તો આવનાર ૨૦૧૭ની ચૂંટણીને લઈને કોંગ્રેસ ઉપર શબ્દો દ્વારા પ્રહારો કરવામાં આવ્યાં હતાં

તો ગુજરાતમાંથી કોંગ્રેસનું નામ નિશાન ના રહે તે માટે ભાજપ કાર્યકરોને કામે લાગી જવા આહવાન કરવામાં આવ્યું હતું. તો કોંગ્રેસના ટોચના નેતાઓના નામ લીધા વગર શબ્દ યુધ્ધ ચાલ્યું હતું. આ વખતે પ્રાંતિજ-તલોદની કોંગ્રેસ પાસે રહેલ સીટ આંચકી લેવા કાર્યકરોને મન મુકીને માત્ર કમળના નિશાન ઉપર અને ઉમેદવાર જે પણ હોય પણ કમળ ચિહન જોઈ વોટ આપવા અપાવવા આહવાન કરવામાં આવ્યું હતું. આ વખતે જીત નિશ્ચિત છે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મહેન્દ્રસિંહ, સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રદિપસિંહ વાઘેલા, જે.ડી. પટેલ, જયેન્દ્રસિંહ રાઠોડ, નિરવભાઈ પરીખ, પ્રદિપસિંહ રાઠોડ, ગજેન્દ્રસિંહ, જયંતિભાઈ પટેલ, માર્કેટયાર્ડના ચેરમેન ભોગીભાઈ પટેલ સહિત ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

ઊંઝા તાલુકામાં અનઅધિકૃત દબાણો સરકારની રહેમ નજરે યથાવત

ઊંઝા, તા. ૨૬

ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વર્ષો અગાઉ દબાણ રજીસ્ટરે નોંધાવેલ દબાણોની આંકડાકીય માહિતી ઉપલબ્ધ છે. પરંતુ પાછલા ૧૦ થી ૨૫ વર્ષ સુધીમાં થયેલ અનઅધિકૃત દબાણો બાંધકામોનો કોઈ સર્વે કરવામાં આવેલ ન હોઈ આવા ઘણા ગેરકાયદે દબાણો બાંધકામો દબાણ રજીસ્ટરે નોંધાવેલ નથી. જેથી આવા દબાણોને આજદિન સુધી કોઈ આંચ આવી નથી.

ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સંબંધિત તંત્રોની બેદરકારી અને ઘોર ઉદાસીનતાને કારણે સરકારી તેમજ અન્ય જમીનો પર કટેલાયે અનઅધિકૃત દબાણો અને બાંધકામો થયેલા છે. જેનો હજી સુધી કોઈ સર્વે કરવામાં આવ્ય નથી. પરિણામે આવા દબાણો યથાવત રહ્યા છે. અને નવા ગેરકાયદે દબાણો બાંધકામો વધતા જાય છે. તાલુકાના કેટલાક ગામોમાં સરકારી ખુલ્લી કે પડતર જમીન પર તેમજ ખાનગી જમીનો પર બિન પરવાનગીએ હાઈવેની આસપાસ જાહેર માર્ગો, શેરી મહોલ્લાઓમાં ઠેર ઠેર જગ્યાએ દબાણો વધી ગયા હોવાનું કહેવાય છે.

અરવલ્લી જિલ્લામાં દોઢ લાખનો દારૂ પકડાયો

અરવલ્લી, તા. ૨૬

અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર સહીત શામળાજી પોલીસ અને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ દારૂ-જુગારની બદી ડામવામાં તેમજ ચોરી લૂંટ સહિતના ગુન્હાઓના ભેદ ઉકેલવામાં નીષ્ફળ નીવડ્યા હોવાની અનેક બૂમો વચ્ચે વધુ એક અરવલ્લી જિલ્લા પોલીસતંત્રની કામગીરી સામે સવાલો ઉઠયા છે અને દિવાળી તહેવારોની ઉજવણીમાં મસ્ત બનતા અને નિષ્ક્રિય રહેતા આર.આર. સેલ ગાંધીનગરે મોડાસા તાલુકાના છાત્રેશ્વરી (દાવલી) ગામ નજીકથી ટોયટા કોરોલા કારમાંથી બુધવારે બપોરના સુમારે ૧.૪૪ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી કારચાલકને ઝડપી પાડી અન્ય ૨ શખ્સો સામે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો

નોંધી તપાસ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનને સોંપી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર અરવલ્લી જિલ્લાના વિવિધ માર્ગો પરથી નિયમિત રીતે મોટા પ્રમાણમાં વાહનોમાં ભરી વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી થતી હોવા છતાં જિલ્લા પોલીસતંત્ર અગમ્ય કારણોસાર કાર્યવાહી કરવાથી વેગળી રહે છે. વિદેશી દારૂની મોટા પ્રમાણમાં હેરાફેરી કરતા વાહનો પ્રત્યે રહેમનજર નાખનાર પોલીસતંત્રનું સ્થાનિક અને આંતરરાજ્ય બુટલેગરો સાથે કરોડો રૂપિયાની વર્ષે લેતીદેતી થતી હોવાની અને સેટિંગ હોવાનું અનેક વખત બૂમો ઉઠવા પામી છે. બુધવારે બપોરના સુમારે ગાંધીનગર આર.આર. સેલની ટીમે મોડાસા તાલુકાના છાત્રેશ્વરી (દાવલી) ગામ નજીક ત્રાટકી અહીંથી પસાર થતી ટોયટા કોરોલા કાર (ગાડી.નં-જીજે.૧.એચડી. ૩૬૭૨)ને અટકાવી કારમાં તપાસ હાથ ધરાતા કારમાંથી વગર પાસ પરમીટની ગેરકાયદેસર રીતે હેરાફેરી કરાતી વિદેશી દારૂની બોટલો નંગ-૨૮૮ જેની કિંમત રૂપિયા ૧૪૪૦૦૦નો જથ્થો ઝડપી પાડી કાર ચાલક રાજેશગીરી નાથુગીરી ગોસ્વામી (રહે, જી/૫૦૧ મલ્લિનાથ પાર્ક, પી ટી કોલેજ રોડ પાલડી, અમદાવાદ)ની ધરપકડ કરી વિદેશી દારૂ ભરી આપનાર અને મદદગારી કરનાર ભરત લંગડો ઉર્ફે ભૂરો ઉદાજી ડાંગી (રહે. રખિયાંવાલ, તા-માવલી, ઉદેપુર, રાજસ્થાન) અને કાંતિભાઈ આદિવાસી વિછીવાડા સફેદ સ્કોર્પિઓ કાર (ગાડી.નં.-જીજે.૧૮. બીબી.)પાસિંગ અધૂરા નંબર વાળા સામે પ્રોહિબિશન એક્ટ હઠળ ગુન્હો નોંધી કાર ચાલક પાસેથી મોબાઈલ નંગ-૧ કિંમત રૂપિયા ૫૦૦ કારની કિંમત રૂ. ૩૦૦૦૦૦ મળી કુલ રૂ.૪૪૪૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બંને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી તપાસ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનને સોંપી હતી.

મહેસાણામાં પાટીદાર આંદોલનના શહિદ પરિવારોને આર્થિક સહાય અપાઈ

મહેસાણા જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં અનામત આંદોલન બાદ મોતને ભેટેલ શહિદ પાટીદારોના પરિવારોને આજે પાટીદાર સમાજની ૬ સંસ્થાઓ દ્વારા દરેક પરિવારને ૨૦ લાખની સહાય આપીને તેમના પરિવારની લાકડી બનવાનું કામ હાલમાં કરવામાં આવ્યું છે. જ્યારે આ સમગ્ર મામલે પરિવારને મળેલી ૨૦ લાખની રકમ દાન પુણ્યમાં વાપરવાનું હાલમાં ૩ પરિવાર પૈકી એક પરિવારે નક્કી કર્યું છે જ્યારે સમાજે એક પરિવારને સહકારી ખાતામાં નોકરી પણ હાલમાં આપી દેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

મહેસાણા અનામત આંદોલનને આજે ૨ વર્ષ વીતી ગયા છે. પાટીદાર સમાજમાં ઉમા ખોડલના અને જય સરદારના નારા સાથે એક થવા ગયા છે. ત્યારે આજે ગુજરાત રાજ્યની ગત ૨૬મી તારીખના રોજ મળેલી બેઠક સરકાર સાથે ચર્ચામાં ચાર માંગણીને ધ્યાન પર લઈને ગુજરાતની પાટીદાર સમાજની ૪ સંસ્થાના દાતાઓ દ્વારા ૩ પરિવારને ૨૦ લાખની રકમ એટલે કે કુલ ૬૦ લાખની રકમ આજે મહેસાણા ખાતે આપવામાં આવી હતી અને તેના પરિવારને આગામી સમયમાં નોકરી સહિતની માંગ પણ સમાજની ધાર્મિક

સંસ્થા કરશે તેવું હાલમાં જયરામ બાપા પાટીદાર અગ્રણીઓએ જણાવ્યું હતું.

મહેસાણા જિલ્લો એ પાટીદાર ઈફેક્ટ સાથે અને પાટીદાર સમાજની અનામત આંદોલનનું એ.પી. સેન્ટર રહ્યું છે. ત્યારે મહેસાણામાં બે પાટીદાર દીકરાઓને ગોળી વાગી હતી તે પરિવારને આજે ૨૦ લાખના ચેક અર્પણ કરાયા હતા. મહેસાણાના એક પરિવાર જે ગોળી વાગવામાં ઘાયલ થવા ગયા હતા તે પરિવારને પણ સમાજ મદદ કરશે તેવું જાણવા મળ્યું હતું. જ્યારે પાટીદાર સમાજની છ સંસ્થા જેવી કે ઉંઝા ઉમિયા માતા સંસ્થાન, ઉંઝા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદ અને ઉમિયા માતા સંસ્થાન સીદસર, સરદારધામ અમદાવાદ, ખોડલધામ કાગવડ અને સમસ્ત પાટીદાર સમાજ સુરતના ઉપક્રમે ૨૦ લાખની રકમ આપવામાં આવી હતી.

હાર્દિક-લાલજી સહિત સાત પાટીદાર આગેવાનોના જામીન મંજુર

મહેસાણાના વિસનગરમાં ૨ વર્ષ પૂર્વે ધારાસભ્યના કાર્યાલયમાં તોડફોડ કરવાના મામલે નોંધાયેલા ગુનામાં કોર્ટે હાર્દિક પટેલ અને લાલજી પટેલ સહિત ૭ લોકો વિરુદ્ધ વોરંટ કાઢ્યું હતું. જે મામલે હાર્દિક પટેલ સહિત ૭ લોકો આજે કોર્ટમાં હાજર થયા હતા અને રુપિયા ૫૦૦૦ના જામીન મેળવી તેમના વોરંટ રદ કરવામાં આવ્યા હતા.જ્યારે હાર્દિક પટેલ એ નરેન્દ્ર પટેલ સામે કહી પણ કહેવાનો ઈનકાર કર્યો હતો. તો લાલજી પટેલે સરકાર જે કેશ પાછા ખેચવાના છે તે અંગે પ્રશ્ન ઉઠાવીને સંકાની શોય તાકી હતી.

અનામત આંદોલનમાં પ્રથમ ફરિયાદ વિસનગર મુકામે કરવામાં આવી હતી તે વાતને બે વર્ષ પૂર્વે અનામતના મુદ્દે રેલી સ્વરૂપે આવેદનપત્ર આપ્યા બાદ

ટોળાએ સ્થાનીક ધારાસભ્યના કાર્યાલયમા તોડફોડ અને કાર સળગાવવાનો બહુચર્ચિત કેસ છેલ્લા દોઢ વર્ષથી વિસનગર ચોથા એડિશનલ કોર્ટમાં ચાલવા ઉપર છે. આ સંજોગોમા લંબાતા જતા કેસને ધ્યાને લઇ કોર્ટે કથિત આરોપીઓને તમામ મુદતે હાજર રહેવા સૂચના આપી હતી. તેમ છતાં બુધવારે નિર્ધારિત મુદતે પાસના આગેવાન હાર્દિક પટેલ,એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલ સહિત ૭ કથિત આરોપીઓ ગેરહાજર રહેતા તેમના વકીલ રાજેન્દ્રભાઈએ કોર્ટ સમક્ષ લેખિત માફી અરજી મૂકી હતી. જે અરજી જજ વી.પી. અગ્રવાલે નામંજૂર કરી તમામ વિરૂદ્ધ બિન જામીનલાયક વોરંટ જારી કરવા હુકમ કર્યો હતો. આ અગાઉ પણ કોર્ટની મુદતે ગેરહાજર રહેનાર હાર્દિક પટેલ સામે બિનજામીન લાયક વોરંટ નીકળ્યું હતું જેમાં ૫૦૦૦ ના જામીન પર મુક્ત કરવા માં આવ્યા હતા અને આગમી ૧૫ ઓક્ટોમ્બર માં હાજર થવા હુકમ કર્યો હતો. આ સમગ્ર મામલે હાર્દિક પટેલ એ નાર્દ્ર ની વાત પૂછતા ખી પણ કહેવા નો ઈનકાર કર્યો હતો તો લાલજી પટેલે સરકાર બેવડી નીતિ આપ્રવી રહી છે અને કેશ પાછા ખેચવામાં આવતા નથી તેમ જણાવ્યું હતું.

પાલનપુર ખાતે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૨૬

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે પાલનપુર મુકામે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર બનાસકાંઠા આર.જે. માંકડીયાના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. કલેક્ટર આર.જે. માંકડીયાએ આદર્શ આચારસંહિતાના અમલીકરણ પરત્વે ફરીયાદ સંબંધી ટોલફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૨૭૪૨ છે. જેના પર ચૂંટણી આચારસંહિતા ભંગને લગતી કોઈપણ પ્રકારની ફરીયાદ નોંધાવી શકાશે. ઉપરાંત ચૂંટણી સંબંધી જિલ્લા ખાતેનો કન્ટ્રોલરૂમ પણ કાર્યરત બનાવાયો છે. જેનો નંબર ૦૨૭૪૨-૨૫૧૭૯૨ છે. જમાં કચેરી સમય દરમ્યાન ફોન કરી શકાશે. આચારસંહિતાના અમલીકરણ માટે ચીફ નોડલ અધિકારી તરીકે જી.ગ્રામ વિકાસ એજન્સીના નિયામકની નિમણુંક કરવામાં આવી છે. તેમનો સંપર્ક નંબર ૦૨૭૪૨ ૨૫૨૨૮૭છે.

અરવલ્લી જિલ્લામાં ભાજપ અને ક્ષત્રિય ઠાકોર સેના આમને-સામને

અરવલ્લી, તા. ૨૬

વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીની તારીખ જાહેર થઈ ગયા બાદ ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. ગુજરાતમાં ક્ષત્રિય ઠાકોરસેનાના અધ્યક્ષ અને ઓબીસી એકતા મંચના કન્વીનર અલ્પેશ ઠાકોર કોંગ્રેસ પક્ષમાં રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં ભારે જનમેદની સાથે જોડાતા ભાજપના અગ્રણીઓમાં હાહાકાર મચી ગયો હતો અને ભાજપ દ્વારા પાટીદારો અને ક્ષત્રિય ઠાકોર સેનાના હોદેદારો અને કાર્યકરોને તેમના પક્ષમાં જોડવા માટે સક્રિય થયા છે. ત્યારે અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે યોજાયેલ ભાજપના વિધાનસભા સીટના સ્નેહમિલન કાર્યક્રમમાં ક્ષત્રિય ઠાકોર સેનાના મંત્રી સહીત ૨૦૦ જેટલા કાર્યકરો કેસરિયો ખેસ ધારણ કરી ભાજપમાં જોડાયાની જાહેરાત કરાતા અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણીઓમાં હડકંપ મચ્યો હતો અને તાબડતોડ ભાજપ દ્વારા કરાયેલા દાવાને ખંડિત કરતો અને ખોટા ગેરમાર્ગે દોરાતા હોવાનો વિડીઓ સોશ્યલ મીડિયાના માધ્યમથી બાયડ તાલુકાના ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ રણજિતસિંહ દ્વારા વાઈરલ કરાતા ભાજપ અને ક્ષત્રિય ઠાકોર સેના આમને સામાને આવી જતા જિલ્લાનું રાજકારણ ગરમાયુ હતું.

ભાજપ દ્વારા ઠાકોર સેનાના મંત્રી સહીત ૨૦૦ કાર્યકરો ભાજપમાં જોડાયા સામે ક્ષત્રિય ઠાકોર સેનાએ ચતુરસિંહ ક્ષત્રિય ઠાકોર સેનાના મંત્રી હોવાના પુરાવા રજુ કરવા પડકાર ફેંક્યો

ગુજરાત ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં તાજેતરમાં વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાઈ જતા તેના પગલાથી વ્યાપેલા વ્યાપક રોષના પગલે અરવલ્લી જિલ્લા ઠાકોર સેનાના મંત્રી સહિત ૨૦૦ કાર્યકરોએ ભાજપનો ભગવો ધારણ કર્યો હતો. આ તમામ કાર્યકરોને ખેસ પહેરાવીને ભાજપમાં આવકારવામાં આવ્યા હતા.

બીજી બાજુ અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા બાયડ વિધાનસભા ક્ષેત્રના સ્નેહમિલન સમારોહ દરમિયાન યુપીના વાહન વ્યવહાર મંત્રી મહેંદ્રસિંહજી, પ્રદેશ મંત્રી અને પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીની ઉપસ્થિતિમાં ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી ચતુરસિંહ સહિત ૨૦૦ જેટલા ઠાકોર સેનાના કાર્યકરો ભાજપમાં જોડાતા તમામને ખેસ પહેરાવી ભાજપમાં આવકાર્યા હોવાનો દાવો કર્યો હતો.

માલપુર અને બાયડ તાલુકાને આવરી લેતા બાયડ વિધાનસભાના ભાજપના કાર્યકરોના આ સ્નેહ મિલન સમારોહમાં બન્ને તાલુકાના ભાજપના અગ્રણીઓ, કાર્યકરો, જિલ્લા મહામંત્રી વિમંતભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યો ભીખીબેન, ડૉ. મહેન્દ્રભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજયજી ઠાકોરના જણાવ્યા અનુસાર ભાજપ દ્વારા તોડ જોડની રાજનીતિ કરી ખોટા ખોટા દાવાઓ કરી લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે પરંતુ અરવલ્લી જિલ્લાની ત્રણેય વિધાનસભા બેઠક પર જિલ્લાના ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો દ્વારા કોંગ્રેસને બહુમતીથી વિજય બનાવીને જ જંપશે.

તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્નેહમિલન ધામધૂમથી યોજાયો

તલોદ, તા. ૨૬

તલોદ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા બુધવારે સાંજે

સલાટપુર ચોકડીના ઉમિયાધામ ખાતે પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાના અધ્યક્ષસ્થાને સ્નેહમિલન યોજાઈ ગયો હતો. જેમાં પ્રાંતિજ/તલોદ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને આગામી ૧૪, ડિસેમ્બરે યોજાનાર વિધાનસભામાં જંગી બહુમતીથી જીતાડવા સમગ્ર કાર્યકરો અને સંગઠનના પદ અધિકારીઓને મોઢવાડીયાએ અપીલ કરી હતી. જિલ્લા તેમજ તાલુકામાંથી ઉપસ્થિત મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરોને નવા વર્ષની શુભકામના પાઠવતા આજના શુભ પ્રસંગે છેલ્લા ૨૨ વર્ષથી ભાજપના કુશાસન કાળમાં ગરીબી, ખેડૂતો પર ખતો અત્યાચાર, ધંધા-રોજગાર પર થતી માઠી અસરો, બેરોજગારી અને નોટબંધી તથા જીએસટી લાગુ પાડતા રાજ્યની આમજનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે તેવા પ્રવર્તમાન સરકાર પર કોંગ્રેસના ચાબકા વિંજાયા હતા.

પ્રાંતિજ/તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની લોકચાહનાથી તેમજ ૬૦ કરોડના તલોદ તાલુકાના વિકાસકામોથી તાલુકાની પ્રજા વાકેફ છે. તેમની સામે આજ વિસ્તારમાંથી ભાજપનો કોઈજ ઉમેદવાર ટકી શકે

તેમ નથી તેવુ કોંગ્રેસના પ્રવક્તાઓએ જણાવ્યું હતું. વધુમાં કોંગ્રેસ ૧૨૫ થી વધારે સીટો મેળવી રાજ્યમાં સરકાર સ્થાપવાનું પણ આ પ્રસંગે કાર્યકરોને જણાવ્યુ હતુ. આમ તલોદ તાલુકામાંથી ૨૦૦ જેટલા ભાજપ તેમજ પાટીદારોમાંથી કોંગ્રેસમાં જોડાઈ જતા કોંગ્રેસી ખેસ પહેરાવી આવકાર્યા હતા. અને અલ્પેશ ઠાકોર જેવા આગેવાનો કોંગ્રેસમાં આવી જતા કોંગ્રેસ મજબુત સરકાર બનવા કટિબદ્ધ બની છે.

આ પ્રસંગે મંગુસિંહ ઝાલા, મણીભાઈ પટેલ, સી.જે. ચાવડા, રાજેન્દ્રસિંહ કુંપાવત, વિજયાબા ઝાલા, અરવિંદભાઈ પટેલ, અંબાલાલ પટેલ, રંગુસિંહ સોલંકી, નવનીતભાઈ વણકર, કેદારસિંહ ઝાલા, ડી.કે. ઝાલા, ગુજરાતસિંહ ઝાલા, જિલ્લાના હોદેદારો, તાલુકાના સદસ્યો, આઈટી. સેલના હોદેદારો, સરકારી આગેવાનો, પાલિકાના કોર્પોરેટરો સાથે મોટી જનમેદનીથી કોંગ્રેસી કાર્યકરોમાં ધામધૂમથી સ્નેહમિલન યોજાયો હતો.

સાબરકાંઠા જિલ્લામાં ૯,૮૦,૭૬૨ મતદારો ચાર ધારાસભ્યો ચૂંટશે

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થતાની સાથે જ આદર્શ આચારસંહિતા અમલી બની ગઈ છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાનું વહિવટીતંત્ર પણ ચૂંટણીલક્ષી કામગીરીમાં લાગી ગયુ છે. જિલ્લામાં આ વખતે ચાર બેઠકોના મળી કુલ મતદારો ૯,૮૦,૭૬૨ નોંધાયા છે. જેઓ વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કામાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે જેના માટેની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

કલેક્ટર પી. સ્વરૂપે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સાબરકાંઠાની વિધાનસભાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ બેઠકમાં આવતા તમામ મતદાન મથકોનું આયોજન કરી દેવામાં આવ્યુ છે. ચૂંટણીલક્ષી કામગીરીમાં ફરજ બજાવનાર દસ હજારથી વધુ સરકારી કર્મચારીઓને ચૂંટણીલક્ષી તાલીમ આપવા માટે સમય પત્રક બનાવી દેવાયુછે. સલામતીના ભાગરૂપે પાંચ હજારથી વધુ પોલીસ કર્મીઓ ફરજ પર તૈનાત કરાશે. અર્ધલશ્કરી દળ, બીએસએફ અને એસઆરપીની ટુકડીઓ અંગે પણ ઉચ્ચકક્ષાએ જાણ કરીને મંગાવવામાં આવશે.

આદર્શ આચારસંહિતાનો કડક અમલ થાય તે માટે વહિવટીતંત્ર દ્વારા વિવિધ ટુકડીઓ બનાવવામાં આવશે. હથીયારોના પરવાનાઓ ધરાવતા હથીયાર ધારકોને પણ તેમના હથીયાર સત્વરે જમા કરાવવા માટે આદેશ કરાયા છે. આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં સામાન્ય નાગરીક પોતાની સાથે રૂ. ૧૦ લાખની રોકડ પોતાની પાસે એક સ્થળેથી બીજા સ્થળે લઈ જઈ શકશે પરંતુ ચૂંટણીલક્ષી કામગીરી કરતા વાહનમાં બેઠેલા રાજકીય લોકો રૂ. ૫૦ હજારથી વધુ રોકડ રાખી શકશે નહી. જો કોઈપણ નાગરીક ચૂંટણી પંચના નિયમોનો ભંગ કરશે તો તે શિક્ષાને પાત્ર ઠરશે. સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ મતદારો ૨૮-ઈડર બેઠકમાં ૨,૫૮,૨૯૨ નોંધાયા છે. જે ચારેય બેઠકમાં સૌથી વધુ છે. વહીવટી તંત્રએ કરેલા દાવા મુજબ સેવા મતદાર, ફોટો ઓળખકાર્ડ અને ફોટોઈમેજની ૧૦૦ ટકા કામગીરી થઈ છે.

સાબરકાંઠા જિલ્લામાં બીજા તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર હોવાને કારણે તેનું જાહેરનામુ આગામી તા. ૨૦-૧૧-૨૦૧૭ના રોજ પ્રસિદ્ધ થશે જે અંતર્ગત તા. ૨૭ નવેમ્બર સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે અને તા. ૩૦ નવેમ્બર સુધીમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે. જેના કારણે ઉમેદવારને ૧૪ દિવસ સુધી નિયમની મર્યાદામાં રહીને ચૂંટણી પ્રચાર, જાહેરસભા, પ્રવાસ, લોકે સંપર્ક કરી શકાશે જો કે સાબરકાંઠાની ચાર બેઠકો માટે ૧૪ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ મતદાન યોજાશે. જેની મત ગણતરી ૧૮ ડિસેમ્બરે થશે. ખર્ચના મોનીટરીંગ માટે વહિવટીતંત્ર દ્વારા વિધાનસભા બેઠક દીઠ વિડીઓ સર્વેલન્સ, વિડીઓ વ્યુવીંગ, એકાઉન્ટીંગ, ફ્લાઈંગ સ્કવોર્ડ, સ્ટેટીક સર્વેલન્સ અને ફ્લાઈંગ સ્કવોડ (અપીલ)ની ટીમ પોતાની કામગીરી બજાવશે જો કે આ વખતે ચૂંટણીમાં વોટ્સઅપ, ફેશબુક, ટ્વીટર અને તે સીવાયના સોસીયલ મિડીયા પર નજર રાખવા માટે ટીમ બનાવી જિલ્લા મથકે અલાયદી વ્યવસ્થા ઉભી કરાશે.